# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫/8213 તા.૦૭/૦૭/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
(સુરત શહેર)
સુરત, જિ-સુરત

આ સાથે સામેલ પરિપત્રનો આપની કક્ષાએ યોગ્ય અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

મોહનભાઈ ર. પટેલ
[ ઇંચાર્જ - વકતૃત્વ સ્પર્ધા ]
૩૧, પ્રાચીન નગર,
જોગાણી નગર-૨ પાસે,
હનીપાર્ક રોડ, અડાજણ,
સુરત-૩૯૫૦૦૯
મો.નં. ૯૭૨૭૮૧૮૩૯૧
તારીખ : 30-0૬-૨૦૨૫

# વકતૃત્વ સ્પર્ધા – પરિપત્ર

**સત્યશોધક સભા – સુરત**

**આયોજીત, પ્રમોદચંદ્ર પાઠકજી**

**આંતર-માધ્યમિક શાળા વકતૃત્વ સ્પર્ધા-૨૦૨૫**

[ સુરત શહેર ]

પ્રતિ,

આચાર્યશ્રી ............................................

સાદર નમસ્કાર,

સવિનય, જણાવવાનું કે, સત્યશોધક સભા સુરત-ગુજરાતમાં અને તેમાયે ખાસ કરીને સુરત-દક્ષિણ ગુજરાતમાં વહેમ-અંધશ્રદ્ધા દૂર કરવા માટે કાર્યરત રજિસ્ટર્ડ સંસ્થા છે. સમાજ રેશનાલીઝમ સ્વીકારે તેવો સત્યશોધક સભાનો અભિગમ છે.

સત્યશોધક સભાની પુસ્તક અને મેગેઝીન પ્રકાશન પ્રવૃત્તિઓ ઉપરાંત વ્યાખ્યાનો, નિબંધ-વકતૃત્વ સ્પર્ધા, ચર્ચા સભાઓ, ચમત્કાર નિદર્શન-વૈજ્ઞાનિક અભિગમ જેવી પ્રવૃત્તિઓના એક ભાગ રૂપે **"પ્રમોદચંદ્ર પાઠકજી"** આંતર શાળા – વકતૃત્વ સ્પર્ધા – નિબંધ સ્પર્ધાઓ પણ યોજવામાં આવે છે.

ચાલુ વર્ષે ટી.એન્ડ.ટી.વી. સાર્વજનીક હાઈસ્કુલ નાનપુરા, સુરત ખાતે તેના આચાર્યશ્રીના સહયોગીથી નીચેની વિગતે વકતૃત્વ સ્પર્ધા યોજાનાર છે. આપને ખાસ વિનંતી કે તમારી શાળાના **ધોરણ-૯ થી ૧૨** ના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમા ભાગ લેવા મોકલશોજી. સ્પર્ધા દરમ્યાન તમે અને તમારા શિક્ષક મિત્રો હાજર રહીને, વિદ્યાર્થી સ્પર્ધકો તેમજ અમને પ્રોત્સાહિત કરવા વિનંતી.

વકતૃત્વ સ્પર્ધાના વિષયો તથા સ્થળ અને તારીખની વિગતો નીચે મુજબ છે.

**સ્પર્ધાની તારીખ : ૦૬-૦૮-૨૦૨૫ (બુધવાર)**

**સમય : સવારે ૧૦:30 કલાકે શરૂ**

સ્થળ : ટી.એન્ડ.ટી.વી. સાર્વજનિક હાઈસ્કૂલ, નાનપુરા, સુરત

વિગતો : સુરત શહેરની કોઇપણ માધ્યમિક શાળા ધોરણ-૯ થી ૧૨ ના બે વિદ્યાર્થીઓને સ્પર્ધક તરીકે મોકલાવી શકશે. વકતૃત્વ સ્પર્ધાનો વિષય નીચે મુજબ છે.

(૧) **પરિવહન અને સલામતી**

(૨) રાષ્ટ્રવાદ કે વસુધૈવ કુટુંબકમ્

(3) ભારતમાં બિન-સાંપ્રદાયિક્તાનું સ્થાન.

શરતો : દરેક સ્પર્ધકે, ઉપરના ત્રણ વિષયો પૈકી કોઇપણ એક વિષય ઉપર મહત્તમ પાંચ મિનિટ સુધી બોલવાનું રહેશે.

(૪) પ્રથમ વિજેતાને રૂ.૭૦૦/-, દ્વિતીય વિજેતાને રૂ.૫૦૦/- અને ત્રીજા વિજેતાને રૂ.૩૦૦/- નું રોકડ રકમ આપવામાં આવશે.

(૫) વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૬) સ્પર્ધાના નિર્ણાયકોનો જે તે નિર્ણય આખરી ગણાશે.

(૭) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી પૈકીની ગમે તે ભાષામાં સ્પર્ધક પોતાનું વકતવ્ય આપી શકશે.

(૮) સ્પર્ધકનું પૂરૂ નામ, સરનામું અને ધોરણની વિગતો આ સાથે નમુનામાં જે તે આચાર્યશ્રીની ભલામણથી, આચાર્યશ્રી ટી.એન્ડ.ટી.વી. સાર્વજનિક હાઈસ્કુલ નાનપુરા, સુરતને પત્રથી કે રૂબરૂમાં મોડામાં મોડુ તા.૦૪-૦૮-૨૦૨૫ ના (સોમવાર) રોજ ૧૨:૦૦ વાગ્યા સુધીમાં મોકલવાના રહેશે.

અમને આશા છે કે,આ શૈક્ષણિક કાર્યક્રમમાં આપનો તેમજ સ્ટાફ વિદ્યાર્થીગણનો સહકાર મળી રહેશે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

(મોહનભાઈ ર. પટેલ)
મો.નં. ૯૭૨૭૮૧૮૩૯૧

<u>નમુના મોકલવાનું સરનામું :</u> આચાર્યશ્રી, સાલિનકુમાર જી. પટેલ ટી.એન્ડ.ટી.વી. સાર્વજનીક હાઈસ્કુલ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧ (મો.નં.૯૮૭૭૩૪૪૪૧૦)
(રૂબરૂમાં તારીખ ૩૦-૦૬-૨૦૨૫ ની ચર્ચા અને સંમતિ અન્વયે)

**નકલ સવિનય જાણ તથા ભલામણ સારૂ :**

(૧) જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી, જીલ્લા સેવાસદન, ચોપાટી પાસે, અઠવાલાઈન્સ, સુરત(૨) સવિનય જાણ માટે : પ્રોફેસર સુર્યકાંત શાહ પ્રમુખશ્રી સત્યશોધક સભા સુરત તરફ રૂબરૂ ચર્ચા અન્વયે

# <u>ફોર્મ – નમૂનો</u>

**સત્યશોધક સભા – સુરત**

**આયોજીત "પ્રમોદચંદ્ર પાઠકજી"**

**આંતર-માધ્યમિક શાળા વકતૃત્વ સ્પર્ધા-૨૦૨૫ (સુરત શહેર)**

ભાગ લેવા બાબત

આપશ્રીના પરિપત્ર તા.૩૦-૦૬-૨૦૨૫ અનુસાર અમારી શાળા માંથી વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની વિગત નમૂનામાં રજુ કરીએ છીએ, જે રજિસ્ટર કરવા ભલામણ છે.

શાળાનું નામ : ..........................................................................................

પૂરૂ સરનામું : ............................................................................................

ભાગ લેનાર વિદ્યાર્થીનું નામ : ......................................, ધોરણ : ............

સ્પર્ધાની પસંદગીનો વિષય : ................................

તારીખ : ૦૬-૦૮-૨૦૨૫

સમય : ૧૦:૩૦ કલાકે શરૂ

............................................ ............................................

(વિદ્યાર્થિની સહી) (આચાર્યશ્રીની સહી)

(મો.નં.................................)

પ્રતિ,

(૧) આચાર્યશ્રી, ટી.એન્ડ.ટી.વી. સાર્વજનીક હાઈસ્કુલ, નાનપુરા, સુરત તરફ સ્પર્ધામાં તા.૦૬-૦૮-૨૦૨૫ ના રોજ આપની શાળામાં ભાગ લેવા નામ રજિસ્ટર કરવા વિનંતી.